# આજે ૧૨૧ બેઠકો માટે મતદાન

**પાંચમાં ચરણમાં કર્ણાટક, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા સહિત ૧૨ રાજ્યોમાં મતદાન : નંદન નિલકાની, જશવંતસિંહ, શત્રુઘ્ન, અનંત કુમાર સહિત મોટી સંખ્યામાં મોટા માથાઓ મેદાનમાં : રેકોર્ડ ઉંચુ મતદાન થાય તેવી પણ પ્રબળ સંભાવના**



નવી દિલ્હી,તા. ૧૬ લોકસભાની ચૂંટણીના ભાગરૂપે આવતીકાલે ગુરૂવારે ૧૨ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૧૨૧ બેઠક માટે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. અગાઉના તબક્કામાં રેકોર્ડ મતદાન થયા બાદ આવતીકાલે પણ તમામ રાજ્યોમાં રેકોર્ડ મતદાન થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પાંચમાં તબક્કાની ચૂંટણીમાં કરોડો મતદારો તેમના ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરનાર છે. આ તબક્કામાં નંદન નિલકાની, જશવંતસિંહ, શત્રુઘ્નસિંહા, અનંતકુમાર અને જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા દિગ્ગજ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. કર્ણાટકમાં તમામ ૨૮ બેઠક માટે મતદાન યોજાનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 13
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૬ | ૧૭ એપ્રિલ, ૨૦૧૪, ગુરૂવાર; ચૈત્ર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

**● કિરણ બેદીને દિલ્હીના સીએમ બનાવવા ચક્રો ગતિમાન**



ભાજપે હવે દિલ્હી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી છે. થોડાક સમય બાદ દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની શક્યતાઓ છે. આ વખતે ભાજપ કોઈ જ કસર રાખવા માંગતુ નથી. ડૉ. હર્ષ વર્ધન લોકસભાની ચૂંટણી લડી રહ્યા હોઈ ભાજપે હવે દિલ્હીના સીએમ પદે કિરણ બેદીને આરૂઢ કરવામાં આવે તેવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કિરણ બેદીને નરેન્દ્ર મોદીના સમર્થક તરીકે ઓળખવામાં આવે છે.

**● અમિત શાહ દિલ્હીથી યુ.પી.નુ ચૂંટણી સંચાલન કરે છે**



ચૂંટણી પંચે ભાજપના મહામંત્રી અને યુપીના ઈન્ચાર્જ અમિત શાહને ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. પરંતુ તેઓ જરા પણ વિચલિત થયા વગર દિલ્હીમાં બેઠા-બેઠા યુપીમાં ભાજપને જીતાડવાની રણનીતિ ઘડી રહ્યા છે. તેઓ યુપીના પ્રદેશ નેતાઓ સાથે સતત સંપર્કમાં રહે છે. તેઓ બ્રેક લીધા વગર મોદીને પીએમની ખુરશી ઉપર બેસાડવાના પ્રયાસો કરી રહ્યા છે.

## આજે જિલ્લામાં મતદાર જાગૃતિના ત્રિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૧૬ આગામી ૩૦મી એપ્રિલે યોજાનાર લોકસભાની ચૂંટણી માટે મતદારોની જાગૃતિ માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આજે ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત આજે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન વિધાનસભા સામેના ખુલ્લા મેદાનમાં એક માનવસાંકળ રચવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર શહેરના વસાહતીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો તેમજ શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાશે.

આ માનવ સાંકળમાં 'મતદાન કરીશુ અમે ગર્વથી', 'મતદાન અમારો અધિકાર નહિ કર્તવ્ય છે' જેવા વિવિધ સૂત્રો સાથેના બેનર પણ પ્રદર્શિત કરવામાં આવશે. આ માટે મહાનુભાવોને ઉપસ્થિત રહેવા માટે એખ ખાસ ડાયસ પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

શહેરમાં માનવ સાંકળની રચના કરાશે તો ગ્રામ્ય વિસ્તારની ૬૦૦ જેટલી પ્રા. શાળાઓમાં વાલીઓ દ્વારા નિર્ભય અને નિષ્પક્ષ મતદાન માટેની પ્રતિજ્ઞાનું વાંચન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં પણ ૪૦ હજાર જેટલા વાલીઓ દ્વારા પ્રતિજ્ઞા વાંચન કરવામાં આવશે તે રીતે આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. આ પ્રતિજ્ઞા વાંચનનો કાર્યક્રમ દરેક શાળામાં સવારે ૧૦ કલાકે યોજવામાં આવનાર છે.

આ ઉપરાંત મતદાર જાગૃતિ અંગે એક વિશેષ પ્રદર્શન ભારત સરકારના માહિતી પ્રસારણ વિભાગના સહયોગથી જિલ્લા કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર ખાતે બનાવવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપ કરશે જ્યારે અતિથિ વિશેષ તરીકે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલ હાજર રહેશે.

૧૭ થી ૧૯ એપ્રિલ દરમ્યાન આખો દિવસ આ પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે.

આ પ્રદર્શનમાં એક મતદાન મથક પણ બનાવવામાં આવ્યું છે તેમજ તેમાં વી.વી. પેટ અને ઈ.વી.એમ. પણ નિદર્શન માટે મુકવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં મતદારે મતદાન મથકમાં શુ કરવુ શુ ન કરવુ તેની વિગતો સાથેના પ્લેકાર્ડ મુકવામાં આવ્યા છે.

આ પ્રદર્શનમાં આદર્શ મતદાન મથક ઉપરાંત કેટલીક રસપ્રદ હકીકતો અગાઉની ચૂંટણીઓમાં બની છે તેની પણ વિગતો મુકવામાં આવી છે.



વૃક્ષ અને વાનર - પ્રકૃતિની અનોખી જોડ છે... ગાંધીનગરનું સદ્દભાગ્ય છે કે બંનેનો પ્રેમ અતૂટ છે... વાનરોનો વિશ્રામ એટલે વૃક્ષો... અને વૃક્ષોની શોભા એટલે વાનરો... ગાંધીનગરના મોટાભાગના એમાય ખાસ કરીને સેક્ટર-૧૯, સેક્ટર-૨૦, ૩૦ અને સેક્ટર-૮ અને સેક્ટર-૧માં વૃક્ષો પર વાનરોની કૂદાકૂદ જોવાનો લ્હાવો અનેરો હોય છે... જ્યાં સુધી વાનર વૃક્ષ સાથે અનુબંધ રાખે ત્યાં સુધી માણસની કોઈ ફરિયાદ નથી... ગાંધીનગરમાં પાનખરનો વૈભવ વૃક્ષોને શોભાયમાન કરે છે ત્યારે વાનરોની રમતિયાળ પ્રકૃત્તિ-પ્રવૃત્તિ અનોખુ દૃશ્ય સર્જી જાય છે... ગાંધીનગરની આ તસવીર નગરના પ્રાકૃતિક વૈભવની અનુભૂતિ કરાવે છે.... *(તસવીર : કશ્યપ નિમાવત)*




ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ આજે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં રોડ શો યોજીને તમામને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ચૂંટણીના પરિણામ આ વખતે પહેલાથી જ દેખાઈ રહ્યા છે. અડવાણીના રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અડવાણીએ કહ્યું હતું કે, ચૂંટણીના પરિણામ ૧૦ વર્ષના ખરાબ શાસનના કારણે પહેલા જ નક્કી થઈ ચુક્યા છે માત્ર ઔપચારિતા બાકી રહી છે.

## હવે, રાજ્યના સરકારી કર્મચારીઓને ૧૦ ટકા મોંઘવારી ભથ્થુ મળી શકશે

**સરકારની દરખાસ્તને ચૂંટણી પંચની મંજુરી**

ગાંધીનગર, તા.૧૬ ચૂંટણી પંચે રાજયના કર્મચારીઓને દશ ટકા ડીએ આપવાની દરખાસ્તને મંજૂરી આપતા હવે એક બે દિવસમાં રાજય સરકારે આ અંગેના વિધિવત હુકમો કરી ડી.એ.નો લાભ આપવામાં આવશે.

કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓને ૧૦ ટકા (ડી.એ.) મોંઘવારી ભથ્થુ આપવનો નિર્ણય કર્યો હતો. કેન્દ્રના ધોરણે રાજય સરકાર પણ કર્મચારીઓને આ લાભ આપે છે. પરંતુ સરકાર આ નિર્ણય લે તે પહેલાં જ લોકસભા ચૂંટણીઓ જાહેર થતાં આચારસંહીતા અમલી થવા પામી હતી.

આથી રાજય સરકારે થોડા દિવસ અગાઉ કર્મચારીઓને ૧૦ ટકા મોંઘવારી ભથ્થુ આપવા અંગેની એક દરખાસ્ત ચુંટણી પંચની મંજુરી અર્થે રજુ કરવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી અધિકારીએ આ દરખાસ્ત ચુંટણી પંચને મોકલી આપી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી પંચે આજે આ દરખાસ્તને મંજુરી આપતાં હવે રાજય સરકાર તેના કર્મચારીઓને ૧૦ ટકા ડી.એ. આપવા માટેના વિધિવત હુકમો આગામી એક બે દિવસમાં કરનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી પંચે મંજુરી આપતા હવે રાજય સરકાર તેના કર્મચારીઓ ૧-૧-૨૦૧૪ની પાછલી અસરથી ૧૦ ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો નિર્ણય લેશે. આ ઉપરાંત આ વખતે રાજય સરકારે ૧૦ ટકા મોંઘવારી ભથ્થુ જી.પી.એફ.માં જમા કરવાને બદલે કર્મચારીઓને રોકડમાં ચૂકવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

૧૦ ટકા ડી.એ.નો રાજયના અંદાજે આઠ લાખ કર્મચારીઓને લાભ મળશે. આના કારણે રાજયની તિજોરી પર અંદાજે તેરસો કરોડનો બોજો પડનાર હોવાનું જાણવા મળે છે.

## ભાજપ-કોંગ્રેસ સહિત બે અપક્ષ ઉમેદવારોને ખર્ચ અંગેની નોટીસ

**અડવાણીના હિસાબોમાં ૪ લાખનો તફાવત જણાયો તો કીરીટ પટેલના હિસાબો અધુરા તેમજ રોજેરોજ નિભાવતા ન હોવાનું જણાતાં ચૂંટણી અધિકારી એ નોટીસ ફટકારી : એક ઉમેદવાર હિસાબ રજુ કરવા હાજર ન રહેતા નોટીસ ફટકારાઈ**

ગાંધીનગર, તા.૧૬ ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ચૂંટણી અધિકારી ડૉ. પી. સ્વરૂપ દ્વારા ભાજપ-કોંગ્રેસ તેમજ બે અપક્ષ ઉમેદવારોને આજે ચૂંટણી ખર્ચ અંગે નોટીસો આપવામાં આવી છે.

આજે પંચ દ્વારા નિયુકત થયેલા ચૂંટણી નિરીક્ષકો સમક્ષ ઉમેદવારો દ્વારા પ્રથમ તબક્કાના ખર્ચના હિસાબો ચકાસવામાં આવ્યા હતા. જેમાં અપક્ષ ઉમેદવાર દિપીકાબેન હાજર ન રહેતાં અને હિસાબો રજુ નહિ કરતાં નોટીસ ફટકારવામાં આવી છે.

ભાજપના ઉમેદવારશ્રી લાલકૃષ્ણ અડવાણીએ તેમના હિસાબમાં રૂ. ૩,૬૪,૭૬૪નો ખર્ચ બતાવ્યો છે જયારે તંત્ર દ્વારા બનાવાયેલા શેડો રજીસ્ટરમાં તે ખર્ચ રૂ. ૭,૯૮,૬૬૮ જેટલો થવા જાય છે. આમ થયેલ ખર્ચમાં રૂ. ૪,૩૧,૯૦૩નો તફાવત જોવા મળતાં તંત્રએ તેમને નોટીસ આપી છે.

તંત્ર એ શ્રી અડવાણીને આપેલ નોટીસમાં જણાવ્યું છે કે દિન-૩માં આધાર-પુરાવા સાથે ખર્ચ અંગે ખુલાસો કરવો નહિ તો ૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ ધારાની જોગવાઈઓ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે.

આજે ખર્ચ નિરીક્ષકો એ કોંગ્રેસના ઉમેદવારશ્રી કિરીટ પટેલને પણ નોટીસ ફટકારી છે. જેમાં જરુરી ચૂંટણી ખર્ચનો રોજેરોજનો હિસાબ રાખવામાં નિષ્ફળ ગયા છો તેમ જણાવી જણાવ્યું છે કે ૧૩-૪-૧૪થી ૧૬-૪-૧૪ દરમિયાન જાહેર સભા/ રેલી જેવા કાર્યક્રમોના આયોજન માટે મેળવેલ મંજુરી તેમજ ખર્ચ જે રીતે દર્શાવવો જોઈએ તે રીતે બતાવવામાં આવ્યો નથી.

આ અંગે પણ દિન-૩માં ખુલાસો આધાર-પુરાવા સાથે કરવા જણાવ્યું છે. આ ઉપરાંત અપક્ષ ઉમેદવાર બિરજુસિંહ ક્ષત્રિયને પણ પંચે હિસાબોનું રજીસ્ટર બરાબર નિભાવ્યું નહિ હોવાનું જણાતાં નોટીસ ફટકારી છે.

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
• LED TV • LCD TV
• Colour TV
જુના બંધ હાલતમાં
શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઓ... ગાંધીનગરના ગૃહીણી...
તમારી પાસે તમારા પોતાના માટે બે દિવસ છે?
"શક્તિ-૨૦૧૪" સ્ત્રીઓ માટેના કાર્નિવલમાં બે દિવસ તમારા "વ્યક્તિત્વ" ને કંઈક અલગ અનુભૂતિ કરાવો...
અવસર આનંદની અનુભૂતિનો
૧૯-૨૦ એપ્રિલ, ૨૦૧૪, શનિવાર, રવિવાર
સ્થળ : ટાઉન હોલ, ઘ-૪ સર્કલ પાસે, સેક્ટર-૧૭, ગાંધીનગર.
સમય : સવારે ૯.૦૦ થી સાંજના ૬.૦૦
વ્યક્તવ્યો । વિશિષ્ટ તાલીમ । પરિચર્યા । સ્વરોજગાર
વધુ માહિતી અને એનરોલમેન્ટ માટે સંપર્ક કરો
• પટેલ પાર્લર / ઘ-૨ : ૯૪૨૬૩ ૫૪૭૫૩ / ઘ-૫ : ૨૩૨૨૫૦૮૧ / સે.૨૪ : ૯૪૨૮૪ ૦૪૭૨૫
• મહાવીર અમૂલ પાર્લર : ઘ-૬, સેક્ટર-૨૨, ૯૮૯૮૩૯૪૩૦૪
• ફીઝીયોથેરાપી સેન્ટર : પંચદેવ મંદિર પાસે, સેક્ટર-૨૨, ૮૮૬૬૫૬૧૪૮૮
• હોમ ફર્નીસીંગ : બી-૩૧૯, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ૯૯૦૪૧ ૭૮૮૮૬
• સ્માર્ટ ફિક્સ : પ્લોટ નં. ૫૪૫, સેક્ટર-૧, ગાંધીનગર, ૯૯૦૯૦ ૦૬૯૨૧
• સમકીત સેલ્સ : સાયોના હાઈટ્સ, ખ-રોડ, સરગાસણ ચોકડી, ૯૯૦૯૯ ૦૩૮૪૭
• ગુડ લુક : સંકલ્પ રોસ્ટોરન્ટની નીચે, ઈન્ફોસીટી, ૦૭૯-૩૦૫૨૦૨૮૦
આયોજક: રોટરી ક્લબ ઓફ ગાંધીનગર,
આર. આઈ. ડીસ્ટ્રીક્ટ - ૩૦૫૧ ૨૦૧૩-૧૪